



# કેરળના વાયનાડમાં મૃત્યુઆંક વધીને 167 થયો, 191 ગુમ થયા

**બચાવ** કાર્યકરો આ મુશ્કેલ મિશનને પાર પાડવા માટે તમામ અવરોધો સામે લડી રહ્યા છે

**82 રાહત** કેમ્પોમાં 8017 લોકો છે જે પૈકી 19 સગર્ભા મહિલાઓ છે

વાયનાડ (કેરળ), તા. 31 (પીટીઆઈ): કેરળના વાયનાડ જિલ્લામાં વિનાશક ભૂસ્ખલનમાં મૃત્યુઆંક બુધવારે વધીને 167 થયો હતો, જ્યારે 191 લોકો ગુમ થયા હતા, તેમ છતાં બચાવ ટીમોએ સર્ચ ઓપરેશનના બીજા દિવસે કાટમાળ હેઠળ ફસાયેલા બચી ગયેલા લોકોને શોધવાના પ્રયાસો વધુ તીવ્ર કર્યા હતા.

બંને કાંઠે વહી રહી નદીઓ પર નાના કામચલાઉ પુલ બાંધવામાં આવ્યા હતા અને વાયનાડના ભૂસ્ખલનગ્રસ્ત ગામડાઓમાં કાટમાળ અને પથ્થરોના ઢગલા દૂર કરવા માટે ખોદકામ કરનારાઓ અવિરતપણે કાર્ય કરી રહ્યા હતા. સેનાના જવાનો, એનડીઆરએફ, રાજ્ય કટોકટી સેવાના જવાનો અને સ્થાનિક લોકો સહિતના બચાવ કાર્યકરો આ મુશ્કેલ મિશનને પાર પાડવા માટે તમામ અવરોધો સામે લડી રહ્યા હતા, જ્યારે ઘણા વિસ્તારોમાં વરસાદ ચાલુ રહ્યો હતો.

કેટલીક તણાવપૂર્ણ ક્ષણો હતી જ્યારે મહિલાઓ અને બાળકો સહિત લોકોને વહેતી નદીઓ પરના સાંકડા, કામચલાઉ પુલ દ્વારા સુરક્ષિત સ્થળોએ લાવવામાં આવી રહ્યા હતા.

અમુક જગ્યાએ બચાવકર્તાઓએ લોકોને સુરક્ષિત બહાર કાઢવાની ખાતરી કરવા દોરડાઓનો ઉપયોગ કરી માનવ પુલ બનાવ્યા હતા.

167 મૃતકો પૈકી 96ની ઓળખ થઈ હતી જેમાં 77 પુરુષ, 67 મહિલાઓ અને 22 બાળકો હતા. 75 મૃતદેહો તેમના પરિવારજનોને સોંપી દેવાયા હતા.

વાયનાડ જિલ્લામાં હાલમાં 82 રાહત કેમ્પોમાં 8017 લોકો છે જે પૈકી 19 સગર્ભા મહિલાઓ છે. હોનારતના સ્થળેથી 219 લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી પી વિજયને કેબિનેટ બેઠકમાં કહ્યું હતું કે જિલ્લાના મુંડક્કાઈ અને ચૂરલમાલા વિસ્તારના દ્રશ્યો વિનાશક છે. આ બંને વિસ્તારો સંપૂર્ણપણે નાશ પામ્યા છે.

## 'આવા વાતાવરણમાં મારે જીવવું નથી', મલ્લિકાર્જુન ખડગે સંસદમાં ભાવુક થયા



નવી દિલ્હી: રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસઅધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે બુધવારે ભાવુક થઈ ગયા હતા. ત્યારે તેમણે નિરાશામાં કંઈક એવુ. કહી દીધુ કે જે ચર્ચાનો વિષય બની ગયો છે. અસલમાં મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં ભાવુક થઈને કહ્યું હતું કે તેઓ હવે આવા વાતાવરણમાં જીવવા માંગતા નથી.

અસલમાં આજે બુધવારે 31 જુલાઈના રોજ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અધ્યક્ષ જગદીપ ધનખરને ગૃહની કાર્યવાહીમાંથી ભાજપના સાંસદ ઘનશ્યામ તિવારીએ તેમની રાજકીય કારકિર્દી વિશે કરેલી કેટલીક ટિપ્પણીઓને દૂર કરવા વિનંતી કરી હતી ત્યારે અધ્યક્ષે ખાતરી આપી હતી કે તેઓ મંગળવારે ગૃહમાં તિવારી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓની તપાસ કરશે અને ખડગેને ઠેસ પહોંચાડતા કોઈપણ શબ્દો રેકોર્ડ પર રહેશે નહીં. ત્યારે પોતાની આ અપીલ દરમિયાન ખડગે ખુબ જ ભાવુક થયા હતા.આટલું જ નહીં પણ તેઓએ ભાવુક થઇ ત્યાં સુધી કહી દીધુ કે હવે તેઓ આવા વાતાવરણમાં જીવવા માંગતા નથી કે જ્યાં તેમના આત્મસન્માનને કોઇ ક્ષતિ પહોંચે.

ખડગેએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે તિવારીએ તેમની રાજકીય સફરનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે 'તેમનો (ખડગેનો) આખો પરિવાર' રાજકારણમાં હતો. ખડગેએ કહ્યું, "તેમણે 'પરિવારવાદ' વિશે ટિપ્પણી કરી હતી. અત્યારે હું કહી શકું છું કે ભત્રીજાવાદ ક્યાં છે.

ખડગેએ વધુમાં કહ્યું કે તેઓ તેમના પરિવારમાં પ્રથમ પેઢીના રાજકારણી છે અને તેમના માતા-પિતા રાજકારણમાં ન હતા. આ સાથે જ ખડગેએ કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા બાદ પોતાના રાજકીય જીવન વિશે પણ કેટલીક વાતો કહી. ખડગેએ કહ્યું, ગઈકાલે હું છેલ્લી ક્ષણે અહીં નહોતો. તે સમયે માનનીય સભ્ય ઘનશ્યામ તિવારીએ ગૃહમાં સમસ્યા રજૂ કરી હતી. તેમણે ભત્રીજાવાદના આક્ષેપો કર્યા હતા. કદાચ મને ખબર નથી કે તેમના મનમાં શું હતું. હું તેમને કહેવા માંગુ છું કે હું રાજનીતિમાં પ્રથમ પેઢીનો છું. આ પાછળ મારા પિતા કે મારી માતા ન હતા. માતા પછી પિતાએ મને ઉછેર્યો છે તેમના આશીર્વાદથી હું અહીં પહોંચ્યો છું.

વાસ્તવમાં મંગળવારે રાજ્યસભામાં બીજેપી સાંસદ ઘનશ્યામ તિવારીએ આપેલા એક નિવેદનથી ખડગેને દુ:ખ થયું હતું. કારણ કે ઘનશ્યામ તિવારીએ મલ્લિકાર્જુન ખડગેના નામને લઇ કેટલીક ટિપ્પણીઓ કરી હતી અને તેમના પર ભત્રીજાવાદનો આરોપ પણ લગાવ્યો હતો. ત્યારે ધનખરે કહ્યું હતું કે જ્યારે તિવારીએ મંગળવારે આ ટિપ્પણી કરી ત્યારે તેઓ સીટ પર હતા. અધ્યક્ષના કહેવા પ્રમાણે, તેમને નથી લાગતું કે ભાજપના નેતાનો ખડગે માટે કોઈ ખરાબ ઈરાદો હતો. અધ્યક્ષે ખડગેને ખાતરી આપી કે તેઓ રેકોર્ડની નજીકથી તપાસ કરશે.

## જર્મનીનો આરોપ 2021ના સાયબર હુમલા પાછળ ચીનનો હાથ હતો

**જર્મનીના** વિદેશ મંત્રાલયે ચીની રાજદૂતને બોલાવી આ અંગે વિરોધ નોંધાવ્યો

બર્લિન, તા. 31 (એપી): 2021માં જર્મનીના નકશા બનાવવા માટેની ઓફિસ પર થયેલા સાયબર એટેક માટે 'ચીની સરકારી લોકો' જવાબદાર હોવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે, એમ બર્લિનમાં અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. ચીનના રાજદૂતને દાયકાઓમાં પ્રથમ વખત આ અંગે વિરોધ માટે વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા સેબેસ્ટિયન ફિશરે કહ્યું હતું કે જર્મન સરકાર પાસે ફેડરલ એજન્સી ફોર કાર્ટોગ્રાફી એન્ડ જીઓડેસી પરના સાયબર હુમલાના સ્ત્રોત વિશે 'અમારી ગુપ્તચર સેવાઓ તરફથી વિશ્વસનીય માહિતી' છે, તેમણે કહ્યું હતું કે આ હુમલો 'જાસૂસી કરવા' હાથ ધરવામાં આવ્યો હતો.

'કેન્દ્રીય એજન્સી પર આ ગંભીર સાયબર હુમલો દર્શાવે છે કે ચીનના સાયબર હુમલાઓ અને જાસૂસીથી કેટલો મોટો ખતરો છે', એમ ગૃહ મંત્રી નેન્સી ફેઝરે એક નિવેદનમાં કહ્યું હતું. 'અમે ચીનને આવા સાયબર હુમલાઓથી દૂર રહેવા અને અટકાવવાની હાકલ કરીએ છીએ. આ સાયબર હુમલાઓ જર્મની અને યુરોપની ડિજિટલ સાર્વભૌમત્વને જોખમમાં મૂકે છે.

ફેઝરે ચીનમાં કોણ જવાબદાર છે તે અંગે વિગતવાર જણાવવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે ચીનના રાજદૂતને છેલ્લે 1989માં તિયાનમેન સ્ક્વેર કાર્યવાહી પછી જર્મન વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા.

એપ્રિલમાં, જર્મનીમાં ચીન માટે જાસૂસી કરવાની અને ટેક્નોલોજીની માહિતી ટ્રાન્સફર કરવાની શંકામાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, આ માહિતીનો ઉપયોગ સંભવિત સૈન્ય ઉપયોગ માટે કરવાનો હતો. આ ઉપરાંત યુરોપિયન સંસદમાં એક અગ્રણી જર્મન જમણેરી ધારાસભ્યના સહાયકની ચીન માટે જાસૂસીની શંકામાં ધરપકડ કરવામાં આવી હતી.

## દિલ્હી: કોચિંગ દુર્ઘટના બાદ લાયબ્રેરીની UPSC કોચિંગ ફી બમણી થઈ, વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં

નવી દિલ્હી: ઓલ્ડ રાજેન્દ્ર નગરની ઘટના બાદ હવે UPSCના વિદ્યાર્થીઓ સામે એક નવી સમસ્યા ઉભી થઇ છે. અસલમાં UPSCના ક્લાસ લેતી લાઇસન્સવાળી લાઈબ્રેરીઓએ ઘટના બાદ તેમની ફી (Fees) બમણી કરી દીધી છે. ત્યારે UPSC ની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓએ ખુબ જ દુ:ખ અને હેરાન થઇ પોતાની આ મુશ્કેલી જણાવી હતી.

અસલમાં દિલ્હીના ઓલ્ડ રાજેન્દ્ર નગર ગુર્ઘટના બાદ સિવિલ સર્વિસના ઉમેદવારોએ દાવો કર્યો હતો કે 'બેઝમેન્ટ'માં ગેરકાયદેસર રીતે ચાલતા કોચિંગ સેન્ટરો સામે MCDએ કાર્યવાહી કરી હતી ત્યાર બાદ જૂના રાજેન્દ્ર નગર અને તેની આસપાસના વિસ્તારોમાં ઘણી લાઇસન્સ પ્રાપ્ત લાઈબ્રેરીઓએ તેમની ફી બમણી કરી દીધી છે. જેથી વિદ્યાર્થીઓ મુશકેલીમાં મુકાઇ ગયા છે. બીજી બાજુ બેઝમેન્ટમાં ચાલતા પીગીઓ પણ બંધ થઇ જતા હવે ઘણા વિદ્યાર્થીઓને બેઘર થવાનો પણ વારો આવ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓ પોતાની આ સમસ્યાનો ઉકેલ MCD પાસે માંગી રહ્યા છે.

MCDએ ઓલ્ડ રાજેન્દ્ર નગરની એવી બિલ્ડિંગો વિરુદ્ધ કાર્યવાહી કરી હતી કે જ્યાં લાઈબ્રેરી અને અન્ય કોમર્શિયલ પ્રવૃત્તિઓ માટે 'બેઝમેન્ટ'નો ઉપયોગ થતો હતો. અસલમાં આ વિસ્તારમાં રાઉના IAS કોચિંગ સેન્ટરના ભોંયરામાં ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહેલી લાઈબ્રેરીમાં વરસાદી પાણી ભરાવાને કારણે સિવિલ સર્વિસના ત્રણ ઉમેદવારોના મોત થયા હતા. ત્યાર બાદ મ્યુનિસિપલ કોર્પોરેશને 27 જુલાઈએ આ કાર્યવાહી હાથ ધરી હતી.

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની પરીક્ષાની તૈયારી કરી રહેલા એક ઉમેદવારે જણાવ્યું હતું કે અગાઉ પુસ્તકાલયના માલિકો એક વ્યક્તિ પાસેથી દર મહિને રૂ. 2,000 થી રૂ. 3,000 વસૂલતા હતા, પરંતુ આ ઘટના પછી MCD દ્વારા ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવતી લાઈબ્રેરી અને કોચિંગ બંધ કરાવ્યા બાદ લાઈબ્રેરીએ ફી બમણી કરી છે. તેમજ હવે વિદ્યાર્થીઓ પાસે બહુ વિકલ્પ બચ્યો ન હોવાનો ફાયદો ઉઠાવીને ઘણી લાઈસન્સવાળી લાઈબ્રેરીઓના માલિકોએ ફી બમણી કરી દીધી છે. ત્યારે અન્ય એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે હવે રાજેન્દ્ર નગરની આસપાસના વિસ્તારો જેવા કે પટેલ નગરના પુસ્તકાલયમાં જતા વિદ્યાર્થીઓને 4,000 થી 5,000 રૂપિયા સુધીની ફી જમા કરવાનું કહેવામાં આવે છે.

## બિહારની નર્સરીમાં ભણતો 5 વર્ષનો છોકરો બેગમાં બંદૂક લઇ સ્કૂલમાં ગયો, સિનિયરને ગોળી મારી

સુપૌલ: બિહારના સુપૌલ જિલ્લામાં સનસનીખેજ ઘટના બની છે. અહીં લાલપટ્ટી વિસ્તારમાં સ્થિત એક ખાનગી શાળામાં નર્સરીના ક્લાસમાં ભણતા વિદ્યાર્થીએ તેનાથી સિનીયર 10 વર્ષના વિદ્યાર્થીને ગોળી મારી દીધી છે. હાથમાં ગોળી વાગતા વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર 5 વર્ષનો બાળક છુપાવીને પોતાની બેગમાં રિવોલ્વર લઈને સ્કૂલે આવ્યો હતો. આ ઘટના બાદ સ્કૂલમાં અફરાતફરી મચી ગઈ હતી. જાણકારી મળતા જ પોલીસ સ્કૂલ પર દોડી ગઈ હતી. પોલીસ એ તપાસ કરી રહી છે કે 5 વર્ષના બાળક પાસે ઘાતક હથિયાર આવ્યું ક્યાંથી?

પોલીસ અધિક્ષક શૈશવ યાદવના જણાવ્યા અનુસાર નર્સરીના વિદ્યાર્થીએ એ જ શાળામાં ધોરણ 3માં અભ્યાસ કરતા 10 વર્ષના છોકરા પર ગોળીબાર કર્યો છે. ગોળી બાળકના હાથમાં વાગી હતી. ઘાયલ છોકરાને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. અમે એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે 5 વર્ષના બાળકને બંદૂક કેવી રીતે મળી અને તે તેને શાળામાં કેવી રીતે લઈ ગયો.

સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર પોલીસ અધિક્ષકે કહ્યું અમે જિલ્લાભરની શાળાઓને નિયમિત ધોરણે વિદ્યાર્થીઓની બેગની સંપૂર્ણ તપાસ કરવા માટે કહી રહ્યા છીએ. આ ઘટના વાલીઓ અને વાલીઓ માટે ચિંતાનો વિષય છે. ઘણી ચિંતા પેદા કરી છે.

## પેજ3

### એઆઈ પ્લેટફોર્મ અરિજીતનું નામ, અવાજ અને તસવીરોનો ઉપયોગ કરી શકશે નહીં, ગાયકને મળી રાહત



નવી દિલ્હી, તા. 31: ગાયક દ્વારા દાખલ કરાયેલી એક અરજી પર સુનાવણી કરતાં જસ્ટિસ આર આઈ છાગલાએ 26 જુલાઈના રોજ તેમના વચગાળાના આદેશમાં આઠ ઓનલાઇન પ્લેટફોર્મને અરિજિત સિંહના વ્યક્તિત્વ અધિકારોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે અને તેમને આવા તમામ કન્ટેન્ટ અને વોઇસ કન્વર્ઝન ટૂલ્સને હટાવવાનો નિર્દેશ આપ્યો હતો. સિંગર અરિજિત સિંહની માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ભારે ફેન ફોલોઈંગ છે. હવે તાજેતરમાં સંગીતકાર-ગાયક અરિજિત સિંહને રાહત આપતાં બોમ્બે હાઈકોર્ટે કહ્યું છે કે, તેમની સંમતિ વિના કોઈ સેલિબ્રિટીનો અવાજ અને તેમની છબીનો ઉપયોગ કરીને સામગ્રી બનાવતા એઆઈ ટુલ્સ તેમના વ્યક્તિત્વ અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

### ઐશ્વર્યા રાય બચ્ચન ન્યૂયોર્કમાં એકલી રજાઓ માણી રહી છે: યુઝર્સ પૂછી રહ્યા છે કે, અભિષેક બચ્ચન અને પુત્રી આરાધ્યા ક્યાં છે?



નવી દિલ્હી, તા. 31: આ દિવસોમાં ઐશ્વર્યા રાય બચ્ચન હાલમાં તેના પરિવારથી દૂર ન્યૂયોર્કમાં એકલી રજાઓ માણી રહી છે. ન્યૂયોર્કની એક ફેને તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઐશ્વર્યા સાથેની તસવીર પોસ્ટ કરી છે. આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. વાયરલ તસવીર જોઈને યૂઝર્સ સવાલ કરી રહ્યા છે કે શું આ વેકેશનમાં તેના પતિ અભિષેક બચ્ચન અને પુત્રી આરાધ્યા તેની સાથે આવ્યાં છે કે નહીં? ઐશ્વર્યા રાય બચ્ચનની ફેન બીજું કોઈ નહીં પણ અભિનેત્રી અને પોડકાસ્ટર જેરી રેના છે. તેણે ઐશ્વર્યા રાય બચ્ચન સાથેની તેની બે તસવીર ઇન્સ્ટાગ્રામ પર શેર કરી છે. જેમાં તે ઐશ્વર્યા રાય સાથે ખુશીથી પોઝ આપતી જોવા મળે છે.

DGVCL

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tender details are put up on www.dgvcl.com (for view & download tender documents) and https://tender.nprocure.com (for view, download and online tender submission).

| Sr. No. | Tender No. |
| --- | --- |
| 1 | DGVCL/Corp. office/Civil/2024/SITC/New FF Sys. /215 |

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender.

ACE (P), DGVCL, Surat.